તા. ૦૨.૦૬.૨૦૨૪

ગાંધીનગર સમાચાર, પાના નં. ૦૩

# ગાંધીનગરથી મોટેરા સુધી મેટ્રો ટ્રેન જુલાઈના અંત સુધીમાં દોડતી થઈ જશે, લોડ ટેસ્ટીંગ કરાયું

ગાંધીનગર, તા. ૧

માર્ચ મહિનામાં મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર-૧ સુધી મેટ્રો ટ્રેનનું ટ્રાયલ રન કરી લેવાયા પછી હવે જુલાઈ મહિનાના અંત સુધીમાં આ રૂટ ઉપર ટ્રેન દોડતી કરી દેવા માટેની તૈયારીઓ



પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. જે અન્વયે મુખ્ય બે પુલો એટલે કે સાબરમતી પરનો ગિફ્ટસિટી પાસેનો પુલ તથા સુઘડ પાસે નર્મદા કેનાલ પરનો કેબલ સ્ટેડ પુલની ઉપર એક સાથે કુલ ૭૪૦ ટન વજનની ચાર ટ્રેનો મૂકીને લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે. જ્યારે બાકીના સ્ટેશનોની કામગીરી આગામી થોડા સમયમાં પૂર્ણ કરી જૂન મહિનાના અંત સુધીમાં સીએમઆરએસ (કમિશ્નર ઓફ મેટ્રો રેલ સેફટી) પાસે ફાઈનલ ઈન્સ્પેક્શન કરાવવામાં આવશે.

અમદાવાદના મોટેરાથી ગાંધીનગરના ચ-૨ સુધીના મેટ્રો ટ્રેક પર ટ્રાયલ રનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મેટ્રો સ્ટેશનની પણ ૯૦ ટકા કામગીરી પૂરી થવાની આરે છે. મેટ્રો ટ્રેક સંપૂર્ણ તૈયાર થઈ ગયો છે. જ્યારે સ્ટેનશનની કામગીરી પણ અંતિમ તબક્કામાં છે. અમદાવાદના મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગરના મહાત્મા મંદિર સુધી ૨૮ કિમીનો મેટ્રો ટ્રેન રૂટ તૈયાર કરાયો છે. અમદાવાદ-ગાંધીનગર ફેઝ-૨ના પ્રોજેક્ટમાં ટ્રાયલ રનની કામગીરી પણ પૂર્ણ થઈ ચૂકી છે. આ પ્રોજેક્ટ નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી મહાત્મા મંદિર તથા ગિફ્ટસિટી લીંક સુધીનો છે. જેના ૨૮ કિલૉમીટરના રૂટમાં કુલ ૨૨ સ્ટેશનો છે. આ પૈકી પ્રાયોરિટી અનુભાગના ૨૧ કિલોમીટરમાં મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ તથા જી.એન.એલ.યુ.થી ગિફ્ટસિટી સુધી તબક્કાવાર ટ્રાયલ પૂર્ણ થઈ ચૂક્યો છે. ત્યારે હવે મેટ્રો ટ્રેનો ચાલુ થયી જાય તે માટે ઝડપથી કામગીરી પ્રગતિમાં છે તે અન્વયે તાજેતરમાં બે મુખ્ય પુલો એટલે કે સાબરમતી પરનો ગિફ્ટસિટી પાસેનો પુલ તથા સુઘડ પાસે નર્મદા કેનાલ પરનો કેબલ સ્ટેડ પુલન ઉપર લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યા હતા. અમદાવાદ અને ગાંધીનગરમાં લોકો સરકારી ટ્રાન્સપોર્ટ તરફ આગળ વધે અને નાગરિકોને વધુ સારી અને સુગમ ટ્રાન્સપોર્ટ સુવિધા મળે તે માટે મેટ્રો ટ્રેનની અલગ અલગ તબક્કામાં મેટ્રો ટ્રેન શરૂ કરવામાં આવી છે. ત્યારે હવે અમદાવાદના મોટેરાથી ગાંધીનગરના ચ-૨ સુધીનો મેટ્રો ટ્રેન રૂટ પર જુલાઈના અંત સુધીમાં મેટ્રોની ટ્રેનો દોડાવવાનું અપેક્ષિત થઈ ગયું છે.